dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
February 2010 | For private circulation only | Vol. 02 - Issue 28

મારી આગળ ન ચાલો, હું તમને અનુસરી શકીશ નહિ, મારી પાછળ ન ચાલો, હું તમને માર્ગ ચીંધી શકીશ નહિ, ફક્ત મારી સાથે ચાલો, અને મારા મિત્ર બનો.

આલ્બર્ટ કામુ

# દીપે અરુણું પરભાત

મહામહિમ કુલાધિપતિ મહોદયાં, આદરણીયશ્રી પ્રવિણભાઈ, ડૉક્ટર ઓફ સાયન્સની માનદ પદવીથી વિભૂષિત થનારા યુનિવર્સિટીને ગૌરવ બક્ષનાર, યોગાનુયોગ, આજે જેમનો ૯૬મો જન્મદિવસ છે તેવા આદરણીય ડૉ. સી.એમ. દેસાઈ સાહેબ, સેનેટ તથા સિન્ડિકેટના માનનીય સભ્યશ્રીઓ, અધ્યાપક મિત્રો, કુલસચિવશ્રી તથા બીજા સાથીઓ અને આજના સમારંભના કેન્દ્રબિંદુ સમાન સ્નાતક-સ્નાતકોત્તર સુવર્ણમંડિત ચંદ્રકો તથા અન્ય પારિતોષિકોના વિજેતા સૌ વિદ્યાર્થીમિત્રો તથા તેમના પરિવારજનો.

૨૬મી ફેબ્રુઆરી એટલે અર્વાચીનોમાં આદ્ય, સમયમૂર્તિ, અસ્મિતાનો આદ્ય પ્રવર્તક, આપણો પ્રાણવંતો પૂર્વજ વીર કવિ નર્મદાશંકર લાલશંકર દવેની પૂણ્યતિથી. ગુજરાત ભકિતનું ઉત્તમ ગાન 'જય જય ગરવી ગુજરાત, દીપે અરુણું પરભાત'ના વીર કવિને આજના દિક્ષાન્ત સમારંભ ટાણે શ્રધ્ધા સુમન અર્પીએ.

મિત્રો, યુવાનીનાં મહત્ત્વપૂર્ણ વર્ષો આપે વિદ્યાની ઉપાસનામાં ખપાવ્યા છે. આ પ્રસંગે આપના ઉરમાં વિશ્વાસ ભરનાર આપના પરિવારજનો તથા આપના મનમાં જ્ઞાનનો ભંડાર ભરનાર સૌ ગુરૂજનોને વંદન. આપનો ભાવિ જીવનપથ મંગલમય બની રહે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

યુનિવર્સિટીનો જાહેરમાં યોજાતો વાર્ષિક પદવીદાન સમારંભ એટલે બીજી રીતે જોઈએ તો સમગ્ર વર્ષ દરમ્યાનની સંસ્થામાં આદરાયેલ શૈક્ષણિક તથા શિક્ષણેત્તર પ્રવૃત્તિઓને સમાજ સમક્ષ રજૂ કરવાની તક. વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિઓનો ટૂંક અહેવાલ રજૂ કરવાની રજા લઉં છું.

વર્ષ દરમ્યાન યુનિવર્સિટીએ સમયને અનુરૂપ સમાજની સહભાગીદારીથી હાથ ધરેલ પ્રવૃત્તિઓનો ટૂંકમાં ઉલ્લેખ કરીશ. પ્રથમ : ભૌતિક સુવિધાઓ વિશે :

- બારડોલી તાલુકાના મહુવાના નાઈજીરીયા સ્થિત શ્રી નારણભાઈ ભકત પરિવારના શ્રી જી.એચ. ભકત મેમોરિયલ ટ્રસ્ટ તરફથી રૂપિયા એક કરોડ એકાવન લાખના માતબર દાનથી ૪૬૦૦૦ ચોરસ ફૂટના બાંધકામવાળું મેનેજમેન્ટ વિભાગના અદ્યતન ભવનનું બાંધકામ વિજયાદશમીના શુભ દિને શરૂ કરેલ જે જુન-૨૦૧૦ના નવા સત્ર સુધીમાં તૈયાર થઈ જશે.

- ભરથાણાના યુવાન ક્રિકેટપ્રેમી શ્રી કમલેશભાઈ પટેલ તરફથી શ્રી છગનભાઈ બબાભાઈ પટેલ સ્પોર્ટસ એકેડેમી માટે યુનિવર્સિટી પરિસરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું ક્રિકેટ સ્ટેડીયમ તથા અન્ય રમતગમતોના મેદાનો બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ માટેનો તમામ ખર્ચ ઉપાડવા માટે તેઓ તૈયાર છે.

- ભરથાણાના તેમના પિત્રાઈ શ્રી રાજુભાઈ ગીજુભાઈ પટેલ દ્વારા શ્રી ગીજુભાઈ છગનભાઈ ઈન્સ્ટીટયૂટ ઓફ આર્કિટેકચરના ભવન માટે રૂા. ૧ કરોડ ૫૧ લાખની સખાવત જાહેર કરેલ છે તથા ભવનનું બાંધકામ ચાલી રહયું છે.

- આસ્થાના વતની શ્રીમદ રાજચંદ્રના ઉપાસક એવા શ્રી ભુલાભાઈ વનમાળીદાસ પટેલ તરફથી એજયુકેશન વિભાગના પ્રાર્થના હોલ માટે રૂા. ૫૧ લાખનું દાન પ્રાપ્ત થયું છે. ટૂંક સમયમાં તેનું બાંધકામ શરૂ કરાશે.

- શ્રી મોરારજી જન્મ શતાબ્દી પ્રતિષ્ઠાન તરફથી ટ્રસ્ટની ૧૫ એકર જમીન તથા અઢી કરોડ જેટલી કિંમતના બાંધકામ સહિતની માળખાકીય સવલતો યુનિવર્સિટીને નેચરોપથીના અભ્યાસક્રમ તથા હોસ્પિટલ ચલાવવા માટે યુનિવર્સિટીને હસ્તાંતર કરવા માટેના MOU થયા છે. હસ્તાંતર માટેની સરકારી વિધીઓ પૂર્ણ થયે, યુનિવર્સિટી આ નવીન Off Campus વિકસાવવા માટે કટિબધ્ધ છે.

- ગુજરાતની કોઈ યુનિવર્સિટીમાં નથી તેવું ૧૨૦૦ની બેઠક વ્યવસ્થા ધરાવતું ઓડિટોરિયમ રૂા. ૩ કરોડના ખર્ચે યુજીસીની સહાયથી નિર્માણ પામી રહયું છે.

- યુનિવર્સિટી કન્યા છાત્રાલયમાં મોટાભાગે દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારની કન્યાઓ રહે છે. વધતી જતી સંખ્યાને સારી રીતે સમાવવા રૂપિયા પોણા બે કરોડના ખર્ચે સરસ્વતી કન્યા છાત્રાલય મહામહિમ આદરણીય કુલાધિપતિજીના વરદ્ હસ્તે આજે જ ખુલ્લું મૂકાયું છે.

- વિદ્યાર્થી છાત્રાલયની સુવિધામાં ઉમેરો કરવા નવીન વિદ્યાર્થી છાત્રાલયનું બાંધકામ આકાર લઈ રહયું છે. જેથી ખાસ કરીને ડાઈનીંગ હોલની વ્યવસ્થાની ખોટ પૂરી થશે.

- યુનિવર્સિટીમાં બહારથી આવતા તજજ્ઞો, અધ્યાપકો માટે રહેઠાણની વ્યવસ્થા માટે UGCના અનુદાનથી ગેસ્ટ હાઉસનું બાંધકામ ચાલી રહયું છે.

- જે સ્થળે આપણે એકઠા થયા છીએ તે સમારંભ સ્થળ સમાજના સહયોગથી આધુનિક ઓપન એર થીયેટર તરીકે વિકસીત થઈ રહયું છે.

મહામહિમ આપને જાણીને આનંદ થશે કે ચાર દાયકા જૂની આ યુનિવર્સિટીમાં સૌથી પ્રથમ વખત યુનિવર્સિટી અને સમાજનું જોડાણ થયું છે. કદાચ આપને જાણી નવાઈ પણ લાગશે કે ચાર દાયકા જૂની સમગ્ર ગુજરાતના સૌથી સમૃધ્ધ વિસ્તારની આ

યુનિવર્સિટીમાં ત્રણસો વિદ્યાર્થીઓ સાથે બેસી શકે તેવી કોઇ હોલની પણ વ્યવસ્થા હાલમાં નથી. છેલ્લા એક વર્ષમાં, દાતાઓ, સેવાભાવી સંસ્થાઓ, ઉદ્યોગપતિઓ, તથા બૃહદ સમાજને સાથે જોડી યુનિવર્સિટીની ભૌતિક સુવિધાઓને સુધારવાના યુનિવર્સિટીના અભિયાનને સુંદર પ્રતિસાદ મળ્યો છે તેનો વિશેષ ઉલ્લેખ કરવાનું યોગ્ય માનું છું. આ માટે યુનિવર્સિટીની સિન્ડિકેટના તમામ સાથી મિત્રોની હકારાત્મક વલણની ખાસ નોંધ લેવી ઘટે. આપને જાણી આનંદ થશે કે યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમ વખત નવ પૈકી આઠ વિદ્યાશાખાઓના ડીનની વરણી બીનહરીફ સર્વાનુમતેથી થઈ. અઢાર પૈકી સત્તર એકેડેમીક કાઉન્સીલના સભ્યો બીનહરીફ સર્વાનુમતે ચૂંટી કઢાયા જે યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમવાર બન્યું.

યુનિવર્સિટીની કામગીરીનું બીજુ મહત્વનું પાસુ સંશોધન તથા પ્રકાશનની કામગીરી છે. આ વર્ષે યુનિવર્સિટીએ પોતાની ત્રણ રિસર્ચ જર્નલ શરૂ કરી છે. VNSGU જર્નલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, VNSGU જર્નલ ઓફ મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન તથા VNSGU જર્નલ ઓફ સોશ્યલ સાયન્સ એન્ડ લેંગ્વેજીસ. આ ત્રણેય રેફરીડ જર્નલ્સને ISSN નંબર પણ મળી ગયો છે. જેનો બીજો અંક તૈયાર થઈ ગયો છે. યુનિવર્સિટીમાં ચાલતી પ્રવૃત્તિઓનો અહેવાલ સમાજ સમક્ષ રજૂ થાય તે હેતુથી VNSGU Newsletter 'દક્ષિણાયન' પાક્ષિક શરૂ કર્યુ છે. જેનો અઠ્ઠાવીસમો અંક આજે જ પ્રસિધ્ધ થયો છે. યુનિવર્સિટીના કેમીસ્ટ્રી વિભાગને Special Assistance Programe હેઠળ ગ્રાન્ટ પ્રાપ્ત થઈ છે. MCA વિભાગને દેશનું છઠ્ઠું તથા ગુજરાતનું પ્રથમ IBM Centre of Excellence નો દરજજો મળ્યો છે. MHRD વિભાગ દ્વારા ગુજરાત સરકારના આયોજન વિભાગ તથા UNDP દ્વારા રાજયનો પ્રથમ સુરત જીલ્લાનો Human Development Report તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરી રાજય સરકારને અહેવાલ સુપરત કરાયો છે. સોશ્યોલોજી વિભાગ દ્વારા UGC સહાયથી Center for Social Exclusion and Inclusion Policy દ્વારા સંશોધનની કાર્યવાહી થઈ રહી છે. યુનિવર્સિટીના વિવિધ વિભાગો તથા અધ્યાપકો દ્વારા થતી પ્રવૃત્તિઓનો સમયની મર્યાદાને લીધે અત્રે ઉલ્લેખ શકય નથી.

સમગ્ર વર્ષ દરમ્યાન તમામ અનુસ્નાતક ભવનોમાં રાષ્ટ્રીય તથા રાજયકક્ષાના અનેક સેમિનાર, કોન્ફરન્સ, વર્કશોપ યોજવામાં આવ્યા. સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમ્યાન ભાગ્યે જ કોઈ અઠવાડિયું ખાલી રહયું હોય કે જે અઠવાડિયામાં યુનિવર્સિટીમાં કોઈ પ્રવૃત્તિ ન થઈ હોય. સુરતની આસપાસના ઉદ્યોગો તથા અન્ય સંસ્થાઓના સહયોગથી આ કાર્યવાહીનું આયોજન થતાં તમામ વિભાગોમાં નવા પ્રાણ પૂરાયા છે તેમ કહું તો આત્મશ્લાઘા નહીં ગણાય.

વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિની વાત કરું તો એન્જિનિયરીંગ વિદ્યાશાખાના છ-સાત માસ જેટલાં મોડાં જાહેર થતાં અનેક ભૂલોવાળા પરીણામો, પરીક્ષાતંત્રના માળખાને સુદઢ કરી સમયસર ભૂલ વિનાના પરીણામો મળતા થયાં છે. લગભગ, પડી ભાગેલું યુનિવર્સિટીનું પરીક્ષાતંત્રનું માળખું પુનઃ રાબેતા મુજબ કરવામાં રાત-દિવસ મહેનત કરનાર યુનિવર્સિટીના કર્મચારીઓ, આચાર્યો તથા અધ્યાપકમિત્રોનો આભાર માનું તેટલો ઓછો છે. માત્ર એક જ વહીવટી સરલીકરણની વાત ટાંકીશ. યુનિવર્સિટીના બી.એ., બી.કોમ. તથા એમ.એ., એમ.કોમ.ના બાહય અભ્યાસક્રમમાં ૧૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. અગાઉ, આ તમામ વિદ્યાર્થીઓ ફોર્મ ભરવા યુનિવર્સિટીમાં આવતા. બે માસના ટૂંકા ગાળામાં આ કામગીરી માટે દૂર દૂરથી વિદ્યાર્થીઓના ટોળાં યુનિવર્સિટીમાં ઉભરાતા. આખી વ્યવસ્થા વિકેન્દ્રિત કરી, વિદ્યાર્થી પોતાના વિસ્તારની નજીકની કોલેજમાં પોતાને યોગ્ય હોય તે કેન્દ્રમાં જઈ હવે આ કામગીરી આસાનીથી પૂર્ણ કરે છે. પ્રવેશની એક વાત ચોકકસ કહીશ. PG Medicalની પ્રવેશ પરીક્ષાનું સમગ્ર સંચાલન પારદર્શિતાથી યુનિવર્સિટીએ પાર પાડયું. જૂજ બેઠકો માટે ૬૦૦ થી વધુ MBBS ડોકટરો પરીક્ષામાં બેઠા. આ પરીક્ષાનું પરીણામ માત્ર ત્રણ કલાકમાં જાહેર કરવામાં આવ્યું. સાથે વિદ્યાર્થીઓને પોતાના જવાબોની OMR Sheetની નકલ આપવામાં આવી. સાચા જવાબોની Key પરીક્ષા પછી તુરંત જ જાહેર કરવામાં આવી જેથી વિદ્યાર્થી પોતે જ નકકી કરે કે તેને કેટલા ગુણ મળશે. જે તે યુનિવર્સિટીના પરીણામ સાથે સરખાવી શકે. સમગ્ર ગુજરાતની કોઈ યુનિવર્સિટીએ આવી પારદર્શિતા સાથે PG Medical Enterance Test ગોઠવી નથી જે આ યુનિવર્સિટીએ કરી બતાવ્યું છે.

વિદ્યાર્થી પ્રવૃત્તિમાં આ વર્ષની ખાસ ઉલ્લેખનીય બાબત, NSSની શિબિર રહી. સંલગ્નિત તમામ કોલેજોની NSSની શિબિર યુનિવર્સિટી ખાતે દિવાળી વેકેશનમાં યોજવામાં આવી. જેમાં ૨૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા પ્રોગ્રામ ઓફિસરો સહિત આખું સપ્તાહ યુનિવર્સિટી પરિસરમાં રોકાઈ સમગ્ર રાજયમાં પ્રથમ વાર આટલા મોટા પાયા પર NSSની રાષ્ટ્રીય પ્રવૃત્તિ કરનાર યુનિવર્સિટી બની.

વિદ્યાર્થીઓની રમતગમત ક્ષેત્રે ચાલુ વર્ષની નમૂનારૂપ સિધ્ધિઓ જણાવતાં મને આનંદ થાય છે કે MSc (IT)ની વિદ્યાર્થિની કુ. પૂજા ચૌઋષિ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એશીયન ટ્રાયથલોન કપ માટે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી યુનિવર્સિટીનું નામ વિશ્વ સ્તરે મૂકયું. યુનિવર્સિટીની બેડમિન્ગટન બહેનોની ટીમ વેસ્ટઝોન ચેમ્પીયન બની તથા ઓલ ઈન્ડિયા બ્રોન્ઝ મેડલ મેળવવામાં સફળ રહી. શ્રી કરણવીર સીંઘ ઓલ ઈન્ડિયા બોકિસંગમાં કાંસ્યચંદ્રક મેળવી યુનિવર્સિટીની અલગ ઓળખ પ્રસ્થાપિત કરી.

વર્ષ દરમ્યાન કર્મચારીઓ તથા આચાર્યો માટે વિશિષ્ટ તાલીમ પ્રોગ્રામ પણ હાથ ધરાયા. યુનિવર્સિટીના તમામ શૈક્ષણિક તથા વહીવટી કર્મચારીઓ માટે હેલ્થ ચેક-અપનો કાર્યક્રમ યોજી તમામ કર્મચારીઓને હેલ્થ કાર્ડ આપવામાં આવ્યું. આચાર્યશ્રી મહાપ્રજ્ઞ પ્રેરિત જૈન વિશ્વભારતી લાડનૂના સહયોગથી બી.એડ્.ના તાલીમાર્થીઓ માટે Certificate Course of Science of Living and Value Education તૈયાર થઈ રહયો છે. નવા સત્રથી બેચલર ઓફ આર્કિટેકચરનો અભ્યાસક્રમ માટે કાઉન્સીલ ઓફ આર્કિટેકચરનો લેટર ઓફ ઈન્ટેન્ટ પ્રાપ્ત થયો છે.

આમ, યુનિવર્સિટીના ભૌતિક, શૈક્ષણિક, સંશોધન, પ્રકાશન, પરીક્ષા પધ્ધતિ, વહીવટી સરલીકરણ તથા અનેક વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓમાં યુનિવર્સિટીએ નવીન સીમાંકનો હાંસલ કર્યા તેનો વિશેષ આનંદ છે.

મિત્રો, આજના આ દીક્ષાન્ત સમારોહના ટાણે 'તૈતરીય ઉપનિષદ'ની પહેલી વલ્લીના અગીયારમા અનુવાકમાં વેદ ભણાવીને ગુરૂ શિષ્યને બોધ આપે છે. તેનો ઉલ્લેખ કરી મારી વાત પૂરી કરીશ. ગુરૂ કહે છે : સત્યં વદ, ધર્મ ચર, સ્વાધ્યાન્મા પ્રમદ. ત્યારબાદ ગુરૂના ઉપદેશનો બીજો ભાગ શરૂ થાય છે જેમાં પ્રથમ કહે છે : માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ, આચાર્ય દેવો ભવઃ, આગળ ગુરૂ કહે છે અમે સર્વશ્રેષ્ઠ નથી. અમારાથી પણ વધુ ઉચ્ચ કક્ષાના બ્રહમનિષ્ઠ પુરૂષો છે. તું તેમનો આદર કરજે. અમારું જે સારું આચરણ હોય તેનું જ તારે સેવન કરવું.

આવી અનુભૂતિ સૌ સ્નાતકો પામે તેવી શુભભાવના સહ.

૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

## Our Chancellor



Her Excellency, Dr. Shrimati Kamla was bom in a Freedom Fighter's family in Gorir, a village in Khetri Tehsil of Jhunjhunu District, Rajasthan on 12th January, 1927. Her father was a leading freedom fighter of Rajputana and was awarded'Tamra Patra'by Late Smt. Indira Gandhi. Born and brought up in such a family dedicated to the mission of serving the nation, Dr. Kamla imbibed the national spirit right from her childhood days that has gone a long way to mould her career in political and social spheres. After completing initial studies, she did her graduation from Banasthali Vidyapeeth, Tonk, Rajasthan with subjects of Economics, Political Science and History. She got her Post-Graduate Degree in History from Maharaja College of Jaipur, Rajasthan.

Dr Kamla started her illustrious career in the field of political and social work by becoming Deputy Minister in Rajasthan in 1954 at the very young age of 27. Being the first lady minister in the State, she looked after departments such as Medical & Health, Education and Public Works for the years 1954 to 1957. During her second term as Deputy Minister from 1962 to 1967, she successfully handled state departments of Education, Agriculture, Medical & Health, Finance, Famine Relief, Food, Animal Husbandry and other such state enterprises. Apart from this, she has held prestigious positions in the capacity of State Minister of various departments such as Home (Police), Industries, Mines, Social Welfare, Medical & Health, General Administration, Public Relations, Personnel and Economics and Statistics between the years 1972 and 1977. She has also shouldered responsibilities as the Cabinet Minister of Rajasthan State Government for two consecutive terms of 1980-85 and 1985-90; during which she headed departments of Agriculture, Animal Husbandry & Dairy Development, Revenue, Irrigation, Rajasthan Canal (Indira Gandhi Canal), Energy Development, Education, Labour & Employment, Rehabilitation, Urban Development, Sanskrit Education, Technical Education, Ayurved, Election, Integrated Rural Development, Art & Culture, Tourism, Special Schemes like Sainik Kalyan, Sheep & Wool, and Forest. She has represented Bairath (Jaipur) Constituency as Member of Legislative Assembly during 1993-98. She became Deputy Chief Minister of Rajasthan in 2003. Thus, she has served as a minister with all the Chief Ministers of Congress-led governments in Rajasthan since 1954 for almost 50 years. Besides being a very senior member in the Congress Governments, she has also proven herself as a Minister of high calibre, integrity and outstanding performance. Her long and illustrious political career bears a strong testimony to this.

In addition to this bright political career, Dr Kamla has also proven herself as one of the pioneer cooperators of India by holding high position in the National Cooperative Union of India and also as the President of Rajasthan State Cooperative Union. She has been one of the founder members of the cooperative Movement and various apex cooperative institutions in Rajasthan. Since 1955, along with her political career, she has also held many topmost positions in cooperative sector like General Secretary as well as President of Rajasthan State Cooperative Union, Jaipur, President, Cooperative College, Jaipur, and Chairperson, Women Cooperative Advisory Committee (NCUI), New Delhi. She has also provided her precious services as Member of General Body and Executive Committee of All India Cooperative Union, Jorbagh, New Delhi as well as Member of General Body, Governing Council and Executive Committee of National Cooperative Union of India, Khelgaon, New Delhi. Moreover, Dr Kamla has successfully represented India at International Cooperative Forums held at Kuala Lumpur, Malaysia (1975), Paris, France (1975) and Moscow, USSR (1980). For her valuable services to this sector, Dr Kamla has been awarded the "Best Cooperator of the Country" award for the year 1994-95. All these speak volumes for her relentless dedication and active contribution towards the development and sustenance of cooperative sector at state as well as national level.

Dr Kamla has been a keen spokesperson of weaker sections of society such as women, children, and farmer community. She has devoted her energy towards their betterment in her official capacity as Chairperson, Rajasthan State welfare Board. She has been instrumental in initiating programmes for Women and Child Welfare in the state. As an acknowledgement of her dedicated services to the goal of Women Empowerment, American Biographical Institute has felicitated her as "Woman of the Year 2001 ", while Institute of Economic Studies, New Delhi has conferred upon her "Mahila Shiromani Puraskar" in 2003. Being an agriculturist herself, Dr Kamla is of the conviction that agriculture must be the backbone of India's economy for the purpose of its selfsufficiency. As such she has always promoted and supported the agriculture sector by taking effective steps towards upliftment of farmer community. As Agriculture Minister of Rajasthan, she has played-an important role in the establishment of Rajasthan Agriculture University, Bikaner. As Minister for Irrigation, she, has accomplished the tremendous task of preparing district master plans of about 48,000 water harvesting schemes in the state with a view to alleviating hardships associated with cultivation such as lack of adequate water resources. Dr Kamla, during her tenure as Minister for Revenue and Land Reforms, has also been initiator of land reforms promoting the interests of cultivators.

In spite of her active involvement in political and social sectors, Dr Kamla has not allowed it to overshadow her scholarly leanings as has been evidenced by her uninterrupted dedication to the field of academics. She has been a staunch advocate of Sanskrit and Ayurved and

as such played a vital role in establishing National Institute of Ayurved, Jaipur and Sanskrit University, Jaipur. She has also presided over Rajasthan Sanskrit Sammelan, Jaipur. In due recognition of her commendable services towards Sanskrit, Dr Kamla has been awarded "Vachaspati, D. Lit." by Shri Lal Bahadur Shastri Sanskrit Vidyapeeth, New Delhi on 28.2.2001.

We are fortunate to have such a multifaceted personality as the Governor of Gujarat and our Chancellor.

## Seminar



Seminar entitled 'From Exclusion to Right to Inclusion' was organized on February 11, 2010 by the Center for Social Exclusion and Inclusion Policy in the Department. About 150 people participated in the event. Vice-chancellor Prof. B.A. Prajapati gave the inaugural address. Dr Saguna Pathy welcomed the delegates and briefed about the objectives of the Seminar. Prof. Sudarshan Iyengar, Vice- chancellor, Gujarat Vidhyapith, Ahmedabad delivered the keynote speech. Besides, the presence of eminent Resource Persons like Prof. Ghanshyam Shah, former Professor, Jawaharlal Nehru University and one of the members of the Advisory Committee of UGC, New Delhi, Prof Rohit Shukla, Prof. Hemant Shah,. Prof A.A.Shaikh and Prof. Yogendra Mankad, Ahmedabad enhanced the spirit of intellectual discourse.

Papers were presented by young faculty members from the Centre for Social Studies, Surat, Revenshaw University, Cuttack (Orissa), Ganapat University, Mehsana and also Centre for the Study of Social Exclusion and Inclusive Policy, Department of Sociology, VNSGU.





## આરોગ્ય

તા. ૨૦-૦૨-૨૦૧૦ના રોજ નવી સિવિલ હોસ્પિટલ, સુરતના નિષ્ણાત તબીબોએ યુનિવર્સિટીના કાયમી શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓની તબીબી તપાસ યુનિવર્સિટીના ડે-કેર સેન્ટર ખાતે કરી હતી.



આ તબીબી તપાસ દરમ્યાન કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિ અને કુલસચિવશ્રી જે.આર. મહેતાએ ડે-કેર સેન્ટરની મુલાકાત લીધી હતી. સમગ્ર વ્યવસ્થા મેડીકલ વિદ્યાશાખાના ડીન ડૉ. મહેન્દ્રભાઈ ચૌહાણ દ્વારા સંપન્ન કરવામાં આવી હતી. હેલ્થ સેન્ટરના ડૉ. એસ.બી. નાયક અને તેમના સ્ટાફ દ્વારા પ્રશંસનીય સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.



# કોલેજ ન્યૂઝ

## સ્વર્ણિમ ગુજરાત

જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા અન્વયે જ્ઞાનધારા અંતર્ગત નીચે દર્શાવેલ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

(૧) તા. ૧૬-૧૨-૨૦૦૯ના રોજ ગુજરાત સપ્તધારા અન્વયે જ્ઞાનધારા અંતર્ગત ડૉ. રમાબેન હરિભાઈ પટેલ પુરસ્કૃત "આંતર મહાવિદ્યાલય સંસ્કૃત વકતૃત્વ સ્પર્ધા" લાયન્સ કલબ ઓફ સુરત નોર્થના સહયોગથી સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં વિવિધ કોલેજોના ૪૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. દીપ પ્રાગટયવિધિ લાયન હેમંતભાઈ એન. પટેલ તથા અતિથિવિશેષશ્રીઓ દ્વારા કરવામાં આવી હતી. અભિવાદન પ્રવચન પ્રિ.ડૉ. કે.એન. ચાવડાએ કર્યું. સમારંભમાં મહેમાનશ્રી તરીકે પ્રિ.ડૉ. જયોતિબેન નાયક, આચાર્યશ્રી ડૉ. પરેશભાઈ પટેલ, પ્રો. ડૉ. સુનિલભાઈ વ્યાસ તથા લાયન પરિવારના સભ્યો હાજર રહયા હતા. પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ આ વર્ષની જુદી જુદી સ્પર્ધા અંગેનો ખ્યાલ આપ્યો. અતિથિવિશેષશ્રીઓ અને નિર્ણાયકોના વરદ્હસ્તે રોકડ પુરસ્કાર, શીલ્ડ તેમજ ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ અને પ્રમાણપત્ર એનાયત થયા હતા. સ્પર્ધાનો પ્રથમ ક્રમ જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ

કોમર્સ કોલેજની વિદ્યાર્થિની કુ. રામાનંદી કોમલે વિજયપત્ર શિલ્ડ મેળવ્યું હતું. દ્વિતીય ક્રમે (૧) શ્રી પંડયા રવિન્દ્ર બી., એમ. ટી. બી. આર્ટ્સ કોલેજ, સુરત (૨) મોક્ષીતમ જે. - ડી.ડી. લો કોલેજ, નવસારી અને આ જ કોલેજની કુ. જોબનપુત્ર સોનલ, તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

(૨) તા. ૧૮-૧૨-૦૯ના રોજ આંતર-કોલજ-પાદ-પૂર્તિ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં વિવિધ કોલેજના ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. દીપપ્રગાટ્યવિધિ લાયન શ્રી શૈલેષ ત્રિવેદી, લાયન્સ કલબ ઓફ નોર્થ, સુરતે કરી, લાયન ડૉ. ગૌરાંગ લાયન્સવાળા અતિથિવિશેષ પદે હાજર રહયા હતા. મહેમાનનો પરિચય પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ આપ્યો. સ્પર્ધામાં લાયન પરિવારના સભ્યશ્રીઓ હાજર રહયા હતા. સ્પર્ધામાં પ્રથમ : શુકલ વિનય રામબાહોર, ઉધના સિડિઝન કો.બેન્ક કોમર્સ કોલેજ, સુરત, દ્વિતીય : પટેલ ભૂમિકા ઉમેશભાઈ - એમ. જી. શાહ ઈન્સ્ટી. ઓફ મેડિકલ ટેકનોલોજી, અમરોલી, તૃતીય : મોદી તન્વી અજયભાઈ - એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત રહયા હતા. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી કે.જી. શાહે વિદ્યાર્થીઓને અમરોલી કોલેજની અનેરી સિધ્ધિઓને બિરદાવી, જીવનની સફળતા માટેની સલાહ આપી હતી.

(૩) તા. ૧૯-૧૨-૦૯ના રોજ આંતર કોલેજના કાવ્ય-પઠન સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના ૮૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. અતિથિવિશેષ તરીકે લાયન પરિવારના સભ્યશ્રીઓ તથા શ્રી હસમુખભાઈ નારીયા-આચાર્યશ્રી, એ.વી. પટેલ, એ.વી. સ્કુલ, સુરત હાજર રહયા હતા. મહેમાનશ્રીઓનો પરિચય પ્રિ. ડૉ. કે.એન. ચાવડા તથા પ્રા. સોનલ વૈદ્યે આપ્યો. સ્પર્ધામાં પ્રથમ : કુ. ઠકકર જાનકી-બી.આર.સી.એમ. કોલેજ ઓફ બીઝનેશ એકેડમી. સુરત. દ્વિતીય : કુ. મિસ્ત્રી નિલમ કે. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી અને તૃતીય : શ્રી દેસાઈ વૈભવ એમ. - સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત તથા આશ્વાસન ઈનામ : કુ. ઝા રશ્મી એચ. એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત અને કુ. શર્મા યોગીતા એમ. ને મળ્યું હતું.

- રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપીમાં તા. ૨-૧-૧૦ના રોજ 'સ્વર્ણિમ ગુજરાત, સપ્તધારા, તથા વિદ્યા વિસ્તાર વ્યાખ્યાનમાળા અંતર્ગત "અધ્યયન સુધારણા માટે મનોવૈજ્ઞાનિક અભિગમો અને ઉપાયો " વિષય ઉપર ડૉ. ઋતુંભરા મહેતા, સુરતનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

- શ્રી સુરત જીલ્લા સહકારી બેન્ક કોમર્સ કોલેજ તથા શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટસ કોલેજ, ઓલપાડ, સુરતમાં સ્વર્ણિમ ગુજરાત ઉજવણી હેઠળ યોજાયેલ આંતર કોલેજ એકપાત્રીય અભિનય સ્પર્ધામાં ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતના વિદ્યાર્થી દેસાઈ વૈભવ મુકેશભાઈ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું. અભિનંદન.

- તા. ૧૦મી જાન્યુઆરીનાં રોજ તાપી જીલ્લા ભા.જ.પા. યુવામોરચા આયોજીત ૫ કિ.મી. ક્રોસ કન્ટ્રી સ્પર્ધામાં, શ્રી મોરાજી દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાલોડનાં ચૌધરી આશિક મુળજીભાઈ પ્રથમ ક્રમે તથા ચૌધરી સુભાસ બચુભાઈ દ્વિતીય ક્રમે વિજેતા રહયા હતા. અભિનંદન

- સ્વર્ણિમ ગુજરાત ઉજવણી ઉપક્રમે બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડમાં કલા કૌશલ્યધારા અંતર્ગત યોજાયેલ આંતરવર્ગ ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ગુજરાતની ગૌરવવંતી સિધ્ધિને બીરદાવતા ચિત્રો દોર્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે હેનિક્ષા એન. પટેલ, દ્વિતીય ક્રમે તરૂણ એન. પટેલ અને તૃતિય ક્રમે રિધ્ધી જે. પટેલ રહયા હતા. આચાર્યશ્રી ડૉ. વિકાસ એ. દેસાઈએ વિદ્યાર્થીઓની કલા કૌશલ્ય સિધ્ધીને બિરદાવી હતી અને અભિનંદન પાઠવ્યા હતા. આ સ્પર્ધાનું આયોજન સંયોજક ડૉ. જે.એમ, દેસાઈ, પ્રા. આર. આર. સોલંકી તથા પ્રા. ડી. આર. પટેલ દ્વારા થયું હતું.

- નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં સ્વર્ણિમ ગુજરાતના ડિસ્ટ્રીકટ કો-ઓર્ડિ. પ્રિ. અશોકભાઈ દેસાઈ, પ્રિ. ડૉ. કે.એન ચાવડા, પ્રિ. ડૉ. જયોતિબેન નાયક અને પ્રિ. જે.એમ. નાયકની ઉપસ્થિતિમાં સ્વર્ણિમ ગુજરાતની ઊજવણીના ભાગ રૂપે આંતર કોલેજ સ્પર્ધાઓ યેજાઈ ગઈ. જેમાં લેખિત કવીઝ, વકતૃત્વ, રંગોળી અને ફકત વિદ્યાર્થિનીઓ માટે દોડ, ગોળાફેંક સ્પર્ધાઓનું આયોજન થયું હતું. આ પ્રસંગે પ્રિ. જે.એમ. નાયકે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કોલેજની પ્રવૃતિઓ અને કોલેજને પ્રાપ્ત નેક મૂલ્યાંકનની રજૂઆત કરી હતી. પ્રિ. ડૉ. અશ્વિનભાઈ પટેલે સ્વાગત પ્રવચનમાં સ્વર્ણિમ ગુજરાતના માધ્યમથી પ્રતિભા શોધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ તે બદલ બિરદાવ્યા હતા. આ સ્પર્ધામાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમને પ્રમાણપત્ર તેમજ પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

## ઈનામ વિતરણ

વર્ષ દરમ્યાન શિક્ષણ, રમત-ગમત તેમજ ઈતર પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડમાં યોજાઈ ગયો. આ પ્રસંગે ઉપસ્થિત રહેલ જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડી. જે. પટેલે જણાવ્યું કે શિક્ષણ સાથે વિદ્યાર્થીઓ જીવન મુલ્યોના પાઠ પણ શીખે, વિદ્યાર્થીઓ તંદુરસ્ત તન અને મન જાળવી અભ્યાસ કરે. આચાર્ય ડૉ. વિકાસ દેસાઈએ વાર્ષિક અહેવાલ રજુ કર્યો હતો. તેમણે શ્રેષ્ઠ વિદ્યાર્થીને બિરદાવ્યા હતા. સમારંભના મુખ્ય મહેમાન યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી સંજયભાઈ દેસાઈએ ઉંચું ધ્યેય રાખવા જણાવ્યું હતું. અતિથિ વિશેષશ્રી યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી દિનેશભાઈ દાસાએ વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ કરવા જણાવ્યું હતું.




## પીએચ.ડી.



આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણના પ્રા. નરેશ આર. વાઘેલાએ 'સાંપ્રત ગુજરાતી ટૂંકી વાર્તામાં દલિત ચેતના - એક અભ્યાસ' વિષય પર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ડિન અને અંકલેશ્વરની કડકિયા કોલેજના પ્રિ. ડૉ. જગદીશ ગૂર્જરના માર્ગદર્શન હેઠળ કરેલ સંશોધન નિબંધને માન્ય રાખી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે પીએચ. ડી.ની પદવી એનાયત કરી છે. અભિનંદન.

## NAAC

નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રિડિટેશન કાઉન્સિલ, બેંગ્લોર દ્વારા ભારત એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીને C.G.P.A.2.41 ગુણ સાથે "બી" ગ્રેડ ફાળવવામાં આવ્યો છે. અભિનંદન

## સેમિનાર

તા. ૧૧-૧-૧૦ ના રોજ રોફેલ આર્ટસ-કોમર્સ કોલેજ, વાપીમાં ટી.વાય.બી.એ., બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કેવી રીતે કરવી તે અંગેનો એક સેમિનાર યોજવામાં આવ્યો હતો. તેમાં Scholastic Institute of Learningના ડિરેક્ટરશ્રી રાજ સિન્હા તથા તેમની ફેકલ્ટીઓ દ્વારા ડેમોસ્ટ્રેશન આપવામાં આવ્યું હતું. તા. ૧૨-૧-૨૦૧૦ના 'ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ' ના કોર્ષ અંગેનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી કે.આર. પિતલીયા, શ્રી જયપ્રકાશ શેઠિયા તથા શ્રી કુલદીપ દ્વારા આ અભ્યાસક્રમની સંપૂર્ણ માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી.

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડના યજમાન પદે તા. ૨૦-૧૨-૨૦૦૯ના રોજ યુ.જી.સી. સ્પોન્સર્ડ "બ્રિટીશ એરા સોશિયલ, ઈકોનોમિકલ અને એજયુકેશનલ પોઈન્ટ ઓફ વ્યુ"ના વિષય પર સ્ટેટ લેવલનો એક દિવસીય સેમિનાર યોજાયો હતો. ઉદ્ઘાટન સમારંભના પ્રમુખ તરીકે કોલેજ સંચાલક મંડળના પ્રમુખશ્રી વ્રજલાલભાઈ બી. પટેલ તથા મુખ્ય મહેમાન તરીકે કુલસચિવશ્રી પ્રો. જે.આર. મહેતા તથા અતિથિ વિશેષ તરીકે આર્ટસ ફેકલ્ટીના ડીન પ્રિ. ડૉ. જગદીશભાઈ ગુર્જર હાજર રહયા હતા. વિષયના તજજ્ઞ તરીકે એમ.ટી.બી. આર્ટસ કોલેજના નિવૃત ઉપાચાર્યશ્રી ડૉ. એમ.વી. મેઘાણી, ગોધરા કોલેજના નિવૃત આચાર્યશ્રી ડૉ. બી.એન. ગાંધી, વ્યારા કોલેજના આચાર્યશ્રી ડૉ. એચ.વાય. ખરવાસિયા, મોટા પોંઢા કોલેજના આચાર્યશ્રી ડૉ. બી.એન. જોષી, પારડી કોલેજના આચાર્યશ્રી ડૉ. હર્ષબેન પટેલ, એમ.ટી.બી. આર્ટસ કોલેજના ઈતિહાસના અધ્યક્ષ ડૉ. મુકેશભાઈ પટેલ તથા ખોલવડ કોલેજના ઈતિહાસના પ્રો. ડૉ. ભરતભાઈ દેસાઈ આ સેમિનારમાં હાજર રહયા હતા. પ્રિ. આઈ.એમ. પટેલના હસ્તે પ્રમાણપત્રોનું વિતરણ થયુ હતું.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં યુનિવર્સિટી સંલગ્ન ૩૨ કોલેજના અધ્યાપકોનું યુનિવર્સિટી સ્તરે અંગ્રેજી અને ગણિત વિષયની કાર્યશિબિર તા. ૨૪-૦૧-૧૦ના રોજ યોજાઈ ગઈ. કાર્યશિબિરનું ઉદ્ઘાટન ડૉ. ઘનશ્યામભાઈ રાવલના (સિન્ડિકેટ સભ્ય) હસ્તે કરવામાં આવ્યું. આ શિબિરના ઉદ્ઘાટન સમારંભમાં શિક્ષણ વિદ્યાશાખાના ડિન ડૉ. જે.પી. ગોહિલ, વી.ટી. ચોકસી કોલેજના પ્રિ. ડૉ. વી.જી. પટેલ, પ્રા. ડૉ. કે.વી. દેસાઈ, સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અનિલ જૈન અને રજિસ્ટ્રાર ડૉ. એ.એન. ઠાકર હાજર રહયા હતા. ગણિત વિષયની શિબિરમાં ૩૨ કોલેજમાંથી ૨૭ અધ્યાપકો આવ્યા હતા. કાર્યભાર ડૉ. કે.વી. દેસાઈ એ સાંભળ્યું હતું અને કાર્યશિબિરમાં પ્રોજેકટ કાર્ય, અભ્યાસક્રમની છણાવટ, શૈક્ષણિક સાધન તેમજ સ્વાધ્યાયકાર્યની ચર્ચા થઈ. આ કાર્યશિબિરમાં ધમેન્દ્રભાઈ દેસાઈ અને અખિલેશ નાયકે સહકાર્યકર તરીકે ફરજ બજાવી. અંગ્રેજી વિષયના શિબિરમાં ૩૨ કોલેજમાંથી ૨૫ અધ્યાપકો આવ્યા હતા. અને તેમણે અંગ્રેજી ભાષાનું ઉ.દા. આપી પ્રશ્નોના જવાબ, પાઠનું આયોજન, પ્રવૃત્તિઓ અને પ્રોજેકટ વગેરેની ચર્ચા વિચારણા ડૉ. પ્રવિણ માસ્ટર, ડૉ. એમ.બી. વસાવા અને ડૉ. દિપીકા સાથે કરી હતી. પ્રાસંગિક પ્રવચનમાં ડૉ. ઘનશ્યામભાઈ અને શિક્ષણ વિદ્યાશાખાના ડૉ. જી.એસ. પરમારે આવા કાર્યક્રમ કરે એવી શુભ કામના વ્યકત કરી હતી. અંતમાં ભાગ લેનાર અધ્યાપકોને મહેમાનોના હાથે પ્રમાણપત્ર આપવામાં આવ્યા.

સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરતના સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે રાજયકક્ષાના સેમિનારનું કોલેજના રસાયણિક વિભાગના સૌજન્યથી 'ઈમર્જિંગ ટ્રેન્ડ ઈન ઑરગેનિક કેમેસ્ટ્રી' વિષય ઉપર તા. ૨૧-૦૨-૨૦૧૦ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં વકતા તરીકે આઈ.આઈ.ટી. મુંબઈના પ્રો. એ.કે. સિંઘ અને પંજાબ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, લુધિયાણાના નિવૃત્ત પ્રો. પી.એસ. કલસી પધાર્યા હતા. સેમિનારમાં લગભગ ૧૪૧ અધ્યાપકો અને ૧૪૦ અનુસ્નાતક તથા સંશોધન કરતાં વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. પ્રો.એ.કે સિંઘે 'મોલેકયુલર કે જીંગ' અને પ્રો. પી.એસ. કલશીએ 'સ્ટીરીયો કેમેસ્ટ્રી ઈન મેડીસીનલ કેમેસ્ટ્રી' અને એન.એમ.આર. સ્પેકટ્રોસ્કોપી' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. ઉદ્ઘાટન સમારંભમાં મુખ્યમહેમાન પદે યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીના ડીન ડૉ. એમ.એચ. પરબીયા તથા સમરંભના અધ્યક્ષ પદે સાર્વજનિક એજયુકેશન સોસાયટીના ચેરમેનશ્રી રજનીકાંતભાઈ મારફતીયા પધાર્યા હતા. ઈનચાર્જ આચાર્ય ડૉ. એસ.પી. કાપડીયાએ સ્વાગત પ્રવચન કર્યું તથા કોલેજ અંગેની માહિતી આપી સૌને આવ્કાર્યા હતા. ડૉ. જી.સી. દેસાઈએ સેમિનારનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રો. ડી.જી. ભટ્ટે કર્યું હતું.

શ્રી એમ.આર. દેસાઈ આર્ટ્સ એન્ડ ઈ.ઈ. એલ.કે. કોમર્સ કોલેજ, ચીખલીનાં વોકેશનલ ગાઈડન્સ અને દિશાસેલના ઉપક્રમે તા. ૪-૧૨-૨૦૦૯ના દિવસે ભારત સરકારના સૂક્ષ્મ, લઘુ એવં માધ્યમ ઉધમ મંત્રાલયની શાખા એમ.એસ.એમ.ઈ. વિકાસ સંસ્થાન સિલવાસા દ્વારા 'Industrial motivation and awareness program on development of new enterprise' વિષય ઉપર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. ડાયરેકટરશ્રી આર.કે. પરમાર, ડૉ. કે.એમ. ચંપાવત અને શ્રી રાકેશ દેસાઈએ પ્રસંગોચિત વકતવ્ય આપ્યા. શ્રી એન.એસ. વસાવાએ લઘુ ઉધોગ અંગે માહિતી આપી તથા તા. ૨૨-૦૧-૨૦૧૦ના રોજ કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન થયું હતું.

## વાર્ષિકોત્સવ

શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિધાલય (બી.એડ્.) સુરત, શ્રી માધવ ઈન્સ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી (બી.સી.એ.) તથા વિમલ ટોરમલ પોદ્દાર કોલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ (બી.બી.એ.) કોલેજોના સંયુકત ઉપક્રમે સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે તા. ૩૦-૦૧-૨૦૧૦ના રોજ યોજાયેલ વાર્ષિકોત્સવમા મુખ્ય મહેમાન તરીકે સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. ઘનશ્યામભાઈ રાવલ તથા રેખાબેન ચુડાસમા, શ્રી વિમલજી પોદ્દાર અને ગોવિંદજી સૌંથલિયા અતિથિ વિશેષ તરીક ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમની શરૂઆત ગણેશપૂજનથી લઈને દશાવતાર, ગ્લોબલ વોર્મિંગ પર નૃત્ય નાટિકા, ગુણવંતી ગુજરાત, પૂરબ ઔર પશ્ચિમ, ડાંગી નૃત્ય, નાટક- "આવું કયાં સુધી ચાલશે ?"ની રજુઆત થઈ હતી.

## ઊજવણી

સાર્વજનિક કોલેજ ઓફ ફિઝિયોથેરાપી, સુરત ખાતે ઈન્સ્ટિ. ઓફ પેરા મેડિકલ કોર્સિસના વિદ્યાર્થીઓના ૮મા વાર્ષિક દિનની ઊજવણી કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિ મુખ્ય મહેમાન, અતિથિ વિશેષ ડૉ. યાકુબ ગંગાત અને પ્રમુખ તરીકે શ્રી અહમદ જી. બોબાતની ઉપસ્થિતિમાં તા. ૪-૧-૨૦૧૦ના રોજ કરવામાં આવી. ડૉ. એમ.ટી. રંગવાલાએ ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિઓ, પ્રિ. ડૉ. ડી.એન. બીદે કોલેજની વિવિધ પ્રવૃત્તિ-પ્રગતિ અને ટ્રસ્ટીશ્રી મોહંમદ ઈકબાલ અમલાએ હોસ્પીટલની પ્રવૃત્તિઓ-સુવિધાઓની રજૂઆત કરી હતી. આ પ્રસંગે ડૉ. યાકુબ ગંગાતએ કોલેજના સુવિનીયર (ન્યૂ હોરિઝન-૨૦૦૯)નું વિમોચન કર્યું હતું. મુખ્ય મહેમાન ડૉ. બી.એ. પ્રજાપતિ અને ડૉ. યાકુબ ગંગાતે પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું. પરીક્ષામાં પ્રથમ-દ્વિતીય વિદ્યાર્થીઓને મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રગીત અને સાંસ્કૃતિક-મનોરંજન કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો.

## આરોગ્ય

તા.૧૦-૧૨-૨૦૦૯ના રોજ જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી ખાતે સુરત-મ્યુનિસિપલ કોર્પોરેશન તથા ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટી તથા હેલ્થ ફેમીલી વેલ્ફેર ડિપાર્ટમેન્ટ ગુજરાત તરફથી યોજાયેલ એઈડસ જાગૃતિ કાર્યક્રમમાં ૨૦૦ વિદ્યાર્થીઓને ડૉ. એચ. કે. સોધર્વાએ માર્ગદર્શન આપ્યું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ ના N.S.S. યુનિટ દ્વારા અધ્યાપકોના સહકારથી HIV / AIDS વિષયક એક સેમ્પલ સર્વે કરવામાં આવ્યો. જેની પ્રશ્નોત્તરી નેશનલ ગ્રુપ, સુરત દ્વારા પ્રાપ્ત થઈ. જેમાં ૪૦૦ વિદ્યાર્થીઓને યદચ્છ રીતે પસંદ કરવામાં આવ્યાં. પ્રશ્નોત્તરી અગાઉ વિષય અંગેની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી ન હતી. જેનાં તારણોમાં કુલ ૪૦૦ વિદ્યાર્થીઓમાંથી ૪૯ વિદ્યાર્થીઓને HIV / AIDS વિશેનું સામાન્ય જ્ઞાન છે. ૩૫૧ વિદ્યાર્થીઓને પર્યાપ્ત જાણકારી છે. જયારે સંપૂર્ણ જાણકારી ધરાવતા ફક્ત બે વિદ્યાર્થીઓ છે. HIV / AIDS ની જાણકારી પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ કરતાં દ્વિતીય વર્ષના અને દ્વિતીય કરતાં તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ સારી માહિતી ધરાવતા હતા. આ સર્વે માટે પ્રિ. ડૉ. જે. એમ. નાયક, અધ્યાપક ગણ તથા પ્રો. ઓ. શ્રી આર. આર. પટેલે વિવિધ કામગીરી બજાવી હતી.

જે. એમ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસરમાં તા. ૧૫/૧૨/૦૯ ના રોજ રેડક્રોસ તથા 'થેલેસિમિયા અવરનેશ કલબ' ના સહયોગથી થેલેસિમિયા ટેસ્ટનું નિઃશુલ્ક આયોજન સંપન્ન થયું. જેમાં થેલેસિમિયા રોગ વિષેની ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ પૂર્વે પ્રા. ડો. હિતેશભાઈ ગાંધીનું વ્યાખ્યાન યોજાયું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ સંચાલિત યુથ રેડક્રોસ યુનિટના ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે તા. ૮-૧-૨૦૧૦ના રોજ પ્રાથમિક સારવાર તાલીમ શિબિરનું આયોજન કોલેજના લાયબ્રેરી હોલમાં કરવામાં આવ્યું હતું. પ્રાથમિક સારવાર ટ્રેઈનર તરીકે નવસારી બ્લડ બેંકના મેડીકલ ઓફીસર ડૉ. અભય ઝવેરી તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજય શાખાના પ્રતિનિધિ શ્રી રૂપેશભાઈ ટાંકે પ્રાથમિક સારવાર અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

તા.૧૦-૧૨-૨૦૦૯ના રોજ જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી ખાતે સુરત-મ્યુનિસિપલ કોર્પોરેશન તથા ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટી તથા હેલ્થ ફેમીલી વેલ્ફેર ડિપાર્ટમેન્ટ ગુજરાત તરફથી યોજાયેલ એઈડસ જાગૃતિ કાર્યક્રમમાં ૨૦૦ વિદ્યાર્થીઓને ડૉ. એચ. કે. સોધર્વાએ માર્ગદર્શન આપ્યું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ ના N.S.S. યુનિટ દ્વારા અધ્યાપકોના સહકારથી HIV / AIDS વિષયક એક સેમ્પલ સર્વે કરવામાં આવ્યો. જેની પ્રશ્નોત્તરી નેશનલ ગ્રુપ, સુરત દ્વારા પ્રાપ્ત થઈ. જેમાં ૪૦૦ વિદ્યાર્થીઓને યદચ્છ રીતે પસંદ કરવામાં આવ્યાં. પ્રશ્નોત્તરી અગાઉ વિષય અંગેની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી ન હતી. જેનાં તારણોમાં કુલ ૪૦૦ વિદ્યાર્થીઓમાંથી ૪૯ વિદ્યાર્થીઓને HIV / AIDS વિશેનું સામાન્ય જ્ઞાન છે. ૩૫૧ વિદ્યાર્થીઓને પર્યાપ્ત જાણકારી છે. જયારે સંપૂર્ણ જાણકારી ધરાવતા ફક્ત બે વિદ્યાર્થીઓ છે. HIV / AIDS ની જાણકારી પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ કરતાં દ્વિતીય વર્ષના અને દ્વિતીય કરતાં તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ સારી માહિતી ધરાવતા હતા. આ સર્વે માટે પ્રિ. ડૉ. જે. એમ. નાયક, અધ્યાપક ગણ તથા પ્રો. ઓ. શ્રી આર. આર. પટેલે વિવિધ કામગીરી બજાવી હતી.

## વ્યાખ્યાન

એમિટી બી.એડ. કોલેજ, ભરૂચમાં તા. ૧૦-૧૨-૨૦૦૯ના રોજ ડૉ. જે.કે. દવે (પૂર્વ અધ્યક્ષ, સ.પ. યુનિવર્સિટી)નું 'જીવન અને શિક્ષણ' તથા ડૉ. શરદભાઈ પટેલ (પૂર્વ પ્રાધ્યાપક, એન.એચ. પટેલ, આણંદ)નું 'વર્ગખંડ પરિવર્તન' વિષય ઉપર વ્યાખ્યાન યોજાઈ ગયું.

શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, પાંડેસરામાં તા. ૧૪-૧૨-૦૯ના રોજ યોજાયેલ વ્યાખ્યાન માળા અંતર્ગત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના રીડરશ્રી ડૉ. ઉમેદસિંહનું 'તંત્ર પ્રણાલી' વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. વિદ્યાભારતી અખિલ શિક્ષા સંસ્થાન સંબદ્ધ વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશ દ્વારા અધ્યાપક અભ્યાસ વર્ગનું આયોજન શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, ઊંઝા દ્વારા ૧૨, ૧૩ ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, પાંડેસરાના બધા જ અધ્યાપકોએ ભાગ લીધો હતો. કુલ ૧૭ પેપરોમાંથી ઈ. આચાર્ય ડૉ. ભાવેશ રાવલ, પ્રા. ગાયત્રીબેન પટેલ, પ્રા. સુનિલદત્ત વ્યાસ અને પ્રા. ધર્મીબેન પટેલ દ્વારા પેપર વાચન થયું હતું. તા. ૧૫-૧૨-૦૯ના રોજ સંઘ પ્રચારકશ્રી રમેશજી શીલેદારનું 'ઉત્તર પૂર્વની સાંપત સમસ્યાઓ' વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું.

તા. ૬-૧-૨૦૧૦ના રોજ નવયુગ સાયન્સ કોલેજ, સુરત અને IPA મુંબઈ ચેપ્ટર દ્વારા "ફ્રન્ટીયર્સ ઈન ફિઝીકસ સીરીસ" ઉપક્રમે ભાભા એટોમીક રીસર્સ સેન્ટર (BARC) મુંબઈના વૈજ્ઞાનિક ડૉ. સુધીર જૈને Adiabatic invariance અને quantum chaos પર વ્યાખ્યાન આપ્યું હતું.

શ્રીમતી જી. એન. પંડયા બી. એડ્. કોલેજ, સુરતમાં તા. ૭-૦૧-૨૦૧૦ના રોજ શિક્ષણ વિદ્યાશાખાના પૂર્વ ડીન અને વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશનના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ જી. પટેલનું "મહર્ષિ અરવિંદનું શિક્ષણચિંતન અને શિક્ષણના સિધ્ધાંતનાં ઘડતરમાં તેમનો ફાળો" વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું.


ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ.), સુરતમાં OASIS - Indian Young Leadership Development Programme અંતર્ગત શ્રી સંજીવ શાહનું "ABCD of Self Confidence" વિષય પરનું વ્યાખ્યાન યોજાઈ ગયું. તથા વી.ટી. ચોકસી સાર્વ.બી.એડ્. કોલેજના પ્રિ. ડો.વી.જી.પટેલે 'મૂલ્યમીમાંસા' અને સંસ્થાના રજીસ્ટ્રારશ્રી ડૉ. અરવિંદભાઈ ઠાકરે 'નિરીક્ષણ : એક પ્રક્રિયા' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યાં. તા. ૦૫-૦૨-૨૦૧૦ના રોજ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના અધ્યક્ષ ડૉ. આર.એસ. પટેલનું 'પ્રાચલીય અને અપ્રાચલીય અંકશાસ્ત્રીય પ્રયુતિઓ' વિશે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતમાં તા. ૨૩-૧૨-૨૦૦૯ના રોજ યુનિવર્સિટી વિસ્તરણ વ્યાખ્યાન હેઠળ શ્રી ડૉ. મીનુભાઈ પરબીયાએ 'આયુર્વેદિક ઔષધો તરીકે ઘરેલું વનસ્પતીનો ઉપયોગ' પર માર્ગદર્શન આપી તેમજ વિચારોની આપ-લે કરી હતી.

રોફેલ આર્ટસ-કોમર્સ કોલેજ, વાપીમાં તા. ૧૨-૧-૨૦૧૦ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરના ગુજરાતી (સાહિત્ય) વિભાગના પ્રોફેસર અને હેડ ડૉ. મણિલાલ હ. પટેલનું "ગુજરાતી જાનપદી નવલકથાઓ" વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ,સુરતમાં તા. ૩૦-૧-૨૦૧૦ યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના ડીનશ્રી અને પ્રિ. ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહિલનું "વ્યકિતત્વ : અર્થ, લક્ષણો અને પ્રકાર" વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું.

## અર્થશાસ્ત્ર પરિષદ



૪૦મી ગુજરાત અર્થશાસ્ત્ર પરિષદ શ્રી પી.એચ. ઉમરાવ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ કોમર્સ, કીમમાં યોજાઈ હતી. આ પરિષદમાં ઉદ્‌ઘાટક તરીકે ભારતમાં માહિતી અધિકાર ધારો લાવનાર અરુણા રોય, મુખ્ય મહેમાન તરીકે, કુલપતિ ડૉ. બી.એ. પ્રજાપતિ, પ્રમુખ વકતા તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત અર્થશાસ્ત્ર ડૉ. ઉર્જિત પટેલ ઉપસ્થિત રહયા હતાં. જેમાં ૪૫૦ જેટલા પ્રતિનિધિઓ હાજર રહયા હતા. ત્યારબાદ કીમ એજયુકેશન સોસાયટીના પ્રમુખ શ્રી દુર્લભભાઈ પટેલે આમંત્રિત મહેમાનોનું પુસ્તકથી સ્વાગત સન્માન કર્યું હતું. સમારોહના ઉદ્‌ઘાટકે પ્રવચનમાં જણાવ્યું હતું કે અર્થશાસ્ત્રીઓએ દેશની ગરીબ પ્રજાને કેવી રીતે સમાનતા અને સમાન તક મળે તે દિશામાં પણ વિચારવું એટલે અને આર્થિક રીતે દીવાદાંડીરૂપ બનવું જોઈએ. ડૉ. ઉર્જિત પટેલે પ્રવચનમાં આ દેશમાંથી ગરીબી, ફુગાવો ઓછો થાય એ કઈ રીતે વિનિમય એ વ્યાપાર સરળતાથી કરી શકાય તે અંગેના વિચારો રજૂ કર્યા હતા. હાલના અર્થશાસ્ત્ર પરિષદના પ્રમુખ અને નાગાલેન્ડ યુનિવર્સિટીના કુલપતિ તેમજ ભારતના માજી કેન્દ્રીયમંત્રી ડૉ. વાય. કે. અલઘે દેશ, વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે તેનો સુયોગ્ય પ્રમાણમાં ઉપયોગ કરી આગળ વધે તે અંગેના વિચારો દર્શાવ્યા હતા.

ડૉ. બી.એ. પ્રજાપતિએ જણાવ્યું કે આગામી ૪૧ મી ગુજરાત અર્થશાસ્ત્ર પરિષદ પણ સુરત મુકામે યુનિવર્સિટી ખાતે યોજવા માટે અર્થશાસ્ત્ર મંડળને નિમંત્રણ પાઠવ્યું હતું એમણે આ પરિષદ યોજવા માટે કીમ એજયુકેશન સોસાયટીની પ્રશંસા કરી હતી. સંસ્થાના માનદ્‌મંત્રી ઉત્તમભાઈ પરમારે કીમ એજયુકેશન સોસાયટીનો પરિચય આપતા જણાવ્યું હતું કે અમારી સંસ્થાએ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે વૈધિક શિક્ષણની સાથે અવૈધિક શિક્ષણ પણ પીરસતી રહી છે. અર્થશાસ્ત્રીઓ, સંશોધકો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ, આર્થિક રીતે મદદ કરનાર બિરલા સેલ્યુલોઝ, હિમસન ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ તથા અન્ય સંસ્થાઓ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી. અર્થશાસ્ત્ર પરિષદમાં બે વિષયો અનુક્રમે (૧) ગુજરાત જ અર્થતંત્ર, ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યએ (૨) આર્થિક સુરક્ષા એ માનવ વિકાસ ઉપર કી પેપર રજૂ થયા હતા. જેમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના રીડર ડૉ. રાવ, પ્રો. એ. એ. શેખ, ડૉ. જે.એચ. લાલીવાળા, પ્રો. મહેશ જોષી, ડૉ. તુષાર હાથી, પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ શોધપત્રો રજુ કર્યા હતા. રાતની બેઠકમાં સાંસ્કૃતિ કાર્યક્રમમાં યજમાન સંસ્થાએ કપિલ દેવ શુકલ દિગ્દર્શીત 'આખરની આત્મકથા' નાટક રજુ કર્યુ હતું.

અર્થશાસ્ત્ર પરિષદના બીજા દિવસે ડૉ. વાય. એ. અલઘના પ્રમુખ પદે હેઠળ પ્રોફે. મહેશ જોષી, જે. એચ. લાલીવાળા, ડૉ. મોહન પટેલ, ડૉ. હિમંત પટેલ, ડૉ. બી.એન. પટેલ, ડૉ. રોહિત શુકલ, ડૉ. બી.એન. જાનીએ તજજ્ઞો તરીકે વિચારો રજૂ કર્યા હતા.

# વાચન વિશેષ

## એક છોડ ઉગાડો

આપણે સૌ પર્યાવરણને દુષિત કરવામાં યોગદાન આપીએ છીએ. ટ્રેનનો ધુમાડો હોય કે મોબાઈલના તરંગો હોય, પાણીનો બગાડ હોય, પ્લાસ્ટિકનો ઉપયોગ હોય પરંતુ આપણે સૌ ભેગા મળીને પૃથ્વીને વિનાશ તરફ લઈ જઈ રહયા છીએ. દરેક ભૂલમાં આપણો પણ હાથ હોય છે છતાં આપણે સરકાર પાસેથી તેને સુધારવાની અપેક્ષા રાખીએ છીએ.

મિત્રો, આપણી આવનારી પેઢી જો શુદ્ધ પાણી અને હવા માટે લડી મરે તો તેમાં આપણી જ ભૂલ હશે.

આપણે ધારીએ તો ઘણું બધું કરી શકીએ પરંતુ માત્ર એક વચન માંગું છું કે દર મહિને અથવા દર વર્ષે આપણી ક્ષમતા અનુસાર છોડ ઉછેરો અને તેની કાળજી રાખીને મોટા કરવાની જવાબદારી લેજો, જો તમે પોતે ન કરી શકો તેમ હોવ તો કેટલાક રૂપિયા કોઈ પર્યાવરણપ્રેમી સંસ્થાને દાન કરો. તમારી આવનાર પેઢી તમારો આભાર માનશે.

मैं आपको एक तावीज देता हूं–आप जब भी संशय में हों, या जब आप पर अहम हावी हो जाय, आप निम्न परीक्षण करके देखें । आपने जो सबसे गरीब या कमजोर व्यक्ति देखा हो, उसका चेहरा याद करें और तब अपने आप से प्रश्न करें कि आप जो कदम उठाने का विचार कर रहे हैं, क्या वह उसके लिए किसी प्रकार उपयोगी होगा ? क्या इससे उसे अपने ही जीवन और नियति पर नियंत्रण करने का अवसर दोबारा मिल जायेगा ?

गांधीजी

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT


**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat.**

**Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com